# શ્રી શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રહ્મસમાજ


**(શ્રી શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ મિત્ર મંડળ)**

**ટ્રસ્ટ નોંધણી નંબર એ-૨૪૨૦, અમદાવાદ તારીખ : ૨૭-૯-૧૯૭૪**

**મોનેક્ષ માર્કેટીંગ, પહેલોમાળ, સંઘવી ચેમ્બર્સ, પોલીસ સ્ટેશન પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ફોન : ૦૭૯-૨૬૪૨ ૫૭૮૦**


તા.: ૩૦/૦૩/૨૦૨૫

સુજ્ઞ સભ્ય શ્રી,

આપશ્રી અને આપના પરિવારને શુભેચ્છા પાઠવતા નીચે મુજબની અગત્યની માહિતી તરફ આપનું ધ્યાન દોરવામાં આવે છે.

## નોટબુક-ચોપડા વિતરણ

આપ જાણો છો કે દર વર્ષે આપણા સમાજ તરફથી સભ્યોના પરિવારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સસ્તાદરે ચોપડા વિતરણનું ઉપયોગી કામ કરવામાં આવે છે. આ કાર્ય માટે જરૂરી ફંડ મેળવવાના પ્રયત્નોમાં આપ સૌને ખૂબ ઉમદા સહયોગ પ્રાપ્ત થયેલ છે. રૂા ૫૦૦૦ કે વધારે ભેટ આપનાર વ્યક્તિઓ કે સંસ્થાઓનાં યોગદાનથી સ્થાયિ-કાયમી ફંડ ઉભુ થયું છે. અને તે ફંડના વ્યાજનો તથા દર વર્ષે મળતા વાર્ષિક ફાળાના યોગદાનનો ઉપયોગ સસ્તા દરે ચોપડા વિતરણ માટે કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઉપરોક્ત સ્થાયી ફંડ રૂા.૫૦૦૦ ની યોજનામાં અથવા યથાશકિત યોગદાન માટે આપશ્રીને તથા આપના પ્રયત્નથી વ્યક્તિઓ અને સંસ્થાઓ તરફથી ઉદારતાપૂર્વક મદદ માટે નમ્ર વિનંતી કરવામાં આવે છે. સારી ગુણવતા ધરાવતા કાગળોમાંથી ચોપડા તૈયાર કરવામાં આવશે ૧૪૦ પાનાનાં ચોપડા આ વખતે ખાસ રાહતના દરે ભાવ એક ડઝનના રૂા.૧૪૦ (અંકે એકસો ચાલીસ) રાખવામાં આવેલ છે. સંસ્થા તરફથી દર એક ડઝન પર આશરે રૂા. ૨૪૦/- સબસીડી આપવામાં આવે છે. દરેક પરિવારને મર્યાદિત સંખ્યામાં વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરીએ છીએ. આ વર્ષે તારીખ ૫ મી મે ની આસપાસ નીચેના મહાનુભાવો મારફત ચોપડાનું વિતરણ કરવાનું આયોજન કરેલ છે. (ફોનથી તપાસ કર્યા પછી લેવા જવા ખાસ ભલામણ છે.)

જે વિદ્યાર્થીઓની માર્કશીટ આવી ગઈ હોય તેમણે સમાજનાં કોઈપણ કારોબારી સભ્યને માર્કશીટની ઝેરોક્ષ પહોંચતી કરવી.
**નોંધ** - બધાને યોગ્ય વહેંચણી થઈ શકે તે માટે માન્ય સભ્યોને વિનંતી કે વિદ્યાર્થીદીઠ બે ડઝનથી વધારે ચોપડાની માંગણી કરવી નહીં. પોસ્ટની અનિયમિતતાને લીધે પરિચિત સભ્યોને જાણ કરવી.

## સર્વેપિતૃના શ્રેયાર્થે ભોજન પ્રસાદ

**આપણા સમાજના સર્વેપિતૃના શ્રેયાર્થે ભોજન પ્રસાદનું આયોજન કરેલ છે. જેમા સાથે ગણપતી અર્થવશીર્ષ ના પાઠનું આયોજન કરેલ છે. શક્ય હોય તો બુક સાથે લાવવી.**

તો સૌ અવશ્ય હાજર રહે તેવી વિનંતી છે. કાર્યક્રમ બાદ ભોજન (પ્રસાદ)ની પણ વ્યવસ્થા સૌ માટે કરવામાં આવી છે. તે માટેના પાસ નીચેના કોઈપણ સભ્યો પાસેથી તા. ૨૩/૦૪/૨૦૨૫ પહેલા લઈ લેવા.

**તારીખ : ૨૭-૪-૨૦૨૫, રવિવાર**

**સ્થળ : શ્રી કામનાથ મહાદેવ મંદિર પટાંગણ હોલ, લોયેલા સ્કુલ સામે, દર્પણ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ**

**સમય : સમૂહ શ્રી ગણપતી અર્થવશીર્ષ સાંજે ૬-૦૦ થી ૭-૦૦ સુધી**

**ભોજન પ્રસાદ - સાંજે ૭-૩૦ કલાકે**

**(૧) ડૉ. કિસ્મતભાઈ પી. ત્રિવેદી**
બી/૩૦૧, આમ્રપાલી એપાર્ટમેન્ટ, અંકૂર ચાર રસ્તા પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૨૭૪૭૪૭૭૬, મો. ૯૯૯૮૬ ૫૦૫૩૨

**(૨) શ્રી રાજેન્દ્રભાઈ બી. કનાડા**
એફ-૩, માલાબાર કાઉન્ટી-૩,નિરમા યુનિવર્સીટી, ત્રાગડ, અમદાવાદ-૩૮૨૪૭૦. મો. : ૯૮૭૯૧૬૩૮૨૨

**(૩) શ્રી હરિશભાઈ આર ભટ્ટ**
૩/બી, અસ્મીતા સોસાયટી, કાશીવિશ્વનાથ મંદિર પાસે, મણીનગર (ઈસ્ટ), અમદાવાદ. ફોન : ૨૨૭૭૪૦૯૩

**(૪) શ્રીમતી રૂપાબેન એચ. પંડયા**
એ-૨૪, ન્યુ સિધ્ધી એપાર્ટમેન્ટ, પ્રજાપતી ગાર્ડન પાછળ, ચિંતન પાર્કની પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭
મો.: ૯૪૨૭૮ ૦૬૮૬૫

**(૫) શ્રી અરવિંદભાઈ બી. કનાડા**
પ્લોટ નં. ૧૬૨૬/૨, સેક્ટર ૨-ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૩૧૫૮૪, મો.: ૯૮૯૮૪ ૩૨૪૧૧

**(૬) શ્રીમતી દ્વિજીતા વર્ષેશ બધેકા**
૧૩-બી, મા આનંદમાઈ સોસાયટી, સાલ હોસ્પીટલ સામે, થલતેજ, અમદાવાદ. મો. : ૯૭૨૫૮ ૭૦૩૦૯

સર્વે સમાજના સભ્યોને વિનંતી છે. આપણા સમાજ ની વેબસાઈટ ઉપર પણ આ સરક્યુલર મૂકેલ છે. તથા વોટસઅપ ગ્રુપમાં પણ મૂકેલ છે. બાકી જે સભ્યોએ વેબસાઈટ ઉપર પોતાનું રજીસ્ટ્રેશન ન કર્યુ હોય તે જલ્દી પોતાનું રજીસ્ટ્રેશન કરી દે તે બાબતે કોઈપણ તકલીફ હોય તો આપણા સમાજના સભ્ય શ્રી તેજસભાઈ દવેનો સંપર્ક કરવો જેનો મોબાઈલ નં. ૯૮૭૯૪ ૨૬૬૪૪ છે.

**આપણા સમાજના સભ્યોને જણાવવાનું કે આપણે બળેવ ઉત્સવ, વાર્ષિક સામાન્ય સભા તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ તા.૦૩-૦૮-૨૦૨૫, રવિવારના રોજ નક્કી કરેલ છે. જેનો અહેવાલ અલગથી આપવામાં આવશે.**

સરક્યુલર પોસ્ટની અનિયમિતતા ને કારણે મળવામાં મુશ્કેલ થાય તો જેમને પણ જલ્દી મળે તે પોતાના બધાંજ સ્નેહી જ્ઞાતિબંધુઓને જાણ કરે.

**નોંધ : આથી સમાજના સર્વે સભ્યોને વિનંતી છે કે ભોજનના પાસ જેટલી સંખ્યામાં જરૂરિયાત હોય તેટલા જ લેવા, અન્નદેવતાનો બગાડ ન થાય તેમની નૈતિક જવાબદારી સર્વે સભ્યોની છે.**

**નરેન્દ્ર એન. ભટ્ટ**
**પ્રમુખ**

**દક્ષેષકુમાર જે. દવે**
**મંત્રી**

પ્રતિશ્રી

બુક-પોસ્ટ

**રવાના**
**મોનેક્ષ માર્કેટીગ, પહેલોમાળ, સંઘવી ચેમ્બર્સ, પોલીસ સ્ટેશન પાસે,**
**નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ફોન : ૦૭૯-૨૬૪૨ ૫૭૮૦**

# શ્રી શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રહ્મસમાજ